

## ડીસા એરપોર્ટ વિસ્તારમાં સડેલા બટાટા ખાવાથી ગાયોનાં મોત...

ડીસા શહેરમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલ કોલ્ડ સ્ટોરેજ દ્વારા સડેલા બટાટા જાહેરમાં ફેંકાતા જે ગંદા બટાટા રખડતી ગાયો ખાતી હોવાથી કેટલીય ગાયોના મોત નિપજ્યા છે. છતાં પણ શહેરના એરપોર્ટમાં કોલ્ડ સ્ટોરેજના માલીકો દ્વારા ખુલ્લામાં બટાટા ફેંકાઈ રહ્યા છે. જે આરોગવાથી ગાયોના મોત નિપજી રહ્યા છે. એરપોર્ટ વિસ્તારમાં આવી ગાયોના મૃતદેહ નજરે પડી રહ્યા છે. ડીસા શહેરમાં એક બાજુ રખડતી ગાયોનો પાર નથી. જેઓ પેટ ભરવા માટે પ્લાસ્ટીક સહિતનો કચરો ખાઈ મોતને ભેટી રહી છે. જે કોલ્ડ સ્ટોરેજ દ્વારા ફેંકવામાં આવતા સડેલા બટાટા પણ ગાયો ખાઈ રહી છે. જેના કારણે ઝેર ચડવાથી આ ગાયો મોતને ભેટી રહી છે. શહેરના એરપોર્ટ પર આવી ગાયોના મૃતદેહ નજરે પડે છે. આ બાબતે એરપોર્ટ વિસ્તારમાં રહેતા પુનમાભાઈ કોળી ઠાકોરે જણાવ્યું હતું કે, સડેલા બટાટા ખાવાને કારણે બે ત્રણ ગાયોના મૃતદેહ પડ્યા છે. આ ઉપરાંત કચરાના ઢગલાનો પણ આ વિસ્તારમાં પાર નથી ત્યારે આરોગ્ય વિભાગે આ બાબતે સખત પગલાં ભરવાની જરૂર છે. તેવું ગૌપ્રેમીઓમાં ચર્ચાસ્પદ બન્યું છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ઊંઝા તાલુકાના તલાટીઓનો વહીવટ રામભરોસે

ઊંઝા, તા.૧૯

ઊંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા યા તપાસણીના અભાવે કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહ્‌ત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણપત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી. વર્ષો જુના રેકર્ડને નવેસરથી બનાવવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ પંચાયતોમાં કથિત તલાટીઓએ રેકર્ડ સાથે ચેડાં કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યો હોવાનું કહેવાય છે. કહે છે કે, કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે. કહે છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં વહિવટી અનિયમિતતા, ખાયકી સામાન્ય બની ગઈ છે. વિકાસને લગતા તેમજ અન્ય પ્રજાહિતને લગતા કામોમાં ગેરરિતીઓ થકી ભ્રષ્ટાચારના કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે.

ગ્રામ પંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ નથી. કે કસૂરદારો સામે કઈ કડક પગલાં લેવાતા નથી. ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધિકારીને તપાસ કરવાની પણ ફુરસદ નથી. જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે. સરકારના લોકકલ્યાણ મેળા તેમજ અન્ય કથિત સિધ્ધિઓના જોરશોરથી ગાણાં ગવાય છે. પરંતુ ગામડાઓમાં ગ્રામ પંચાયતના મહત્વના રેકર્ડ, વહિવટી કામગીરી, થયેલ કામો, પ્રગતિમાં છે તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ મનાય છે.

# સમાચાર ઝલક

- એસ.આર.પી. વાનનાં ડ્રાઇવરનું હૃદયરોગથી મોત, ટાયર ફાટતાં અકસ્માત, ૫૦ જવાનોનો અદ્‌ભૂત બચાવ.
- દિલ્હીમાં સામુહિક બળાત્કારનો મામલે દેશભરમાં ગંભીર પ્રત્યાઘાત.
- ગુજરાત પ્રધાનમંડળની કેબિનેટની છેલ્લી બેઠક આજે મળી.
- ઓલપાડ નજીક સ્કૂલ બસ પલટી ખાતાં ૪ વ્યક્તિને ઇજા.
- કાશ્મીરમાં સુરક્ષાકર્મીઓએ પાંચ આંતકવાદીઓને ઠાર કર્યા.
- સચિન તેંડુલકરની રાજયસભાની અરજી કોર્ટે રદ્દ કરી.
- અલીગઢમાં આચાર્યને ગોળી મારી.
- જમ્મુ કાશ્મીરમાં બરફ વર્ષાથી જીવન વ્યવહાર ખોરવાયો.
- બ્રિટનની કારોબારી મિટીંગમાં પહેલી વખત મહારાણીએ હાજરી આપી.
- ઇકવાડોરમાં જવાળામુખી ફાટતાં દૂર સુધી અસર વર્તાઇ.
- અભિષેક બચ્ચનની પુત્રી આરાધ્ય નૃત્ય કરવા લાગી.
- ભૂતપૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીની નાદુંરસ્ત તબિયત, હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- કચ્છમાં બાળકોનાં અપહરણ કરતી ચાર મહિલાઓની ધરપકડ.
- મોરબી તાલુકાના ઉમિયા ગામમાં ૪૬ ડેન્ગ્યુના કેસ.
- સરખેજ હાઇવે પરની પ્લે સ્કૂલના બાળક પર જાતીય સતામણી.
- રાજકોટમાં પાંચ કરોડનો ચંદનનો જથ્થો પકડાયો.
- એશિયા તેમજ ભારતના શેરબજારમાં તેજીનો રૂખ.
- પાકિસ્તાનમાં પોલિયો રસી આપનારી નર્સ પર હુમલો.
- તા.૨૧મી ડિસેમ્બરના રોજ માયા કેલેન્ડરનાં અંતનાં ભયથી પ્રજામાં ફફડાટ. અફવાથી ગભરાવું નહિ : જાથાની અપીલ

# બનાસકાંઠા જિલ્લાની તમામ બેઠકોની મતગણતરી પાલનપુર પોલીટેકનીક કોલેજ ખાતે કરાશે

## સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક : પોલીટેનીકમાં પ્રવેશ માટે થ્રી ટાયર ચેકીંગ સિસ્ટમ

ડીસા, તા. ૧૯

વિધાનસભાની સામાન્ય ચૂંટણી અન્વયે આજે તા.૨૦ મી ડીસેમ્બરના રોજ બનાસકાંઠા જીલ્લાની તમામ બેઠકોની મતગણતરી પોલીટેકનીક કોલેજ, પાલનપુર ખાતે કરાશે. જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એમ.થેન્નારસનની સુચના અને માર્ગદર્શન અનુસાર પોલીટેકનીક ખાતે સુદૃઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નાયબ જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.એલ.પાંડોરે આપેલ માહિતી માણે ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યકિતઓ જ પોલીટેકનીક કેમ્પસમાં વેશ કરી શકશે. પોલીટેકનીક ખાતે સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક બનાવાઈ છે. પોલીસ, એસ.આર.પી. અને પેરામિલીટરી ફોર્સના સુરક્ષા જવાનો દ્વારા થ્રી ટાયર ચેકીંગ સિસ્ટમ એટલે કે ત્રણ તબકકામાં ચેકીંગ કરીને વેશ અપાશે. દરેક વિધાનસભા બેઠક માટે ૧૪ ટેબલ ઉપર ગણતરી થશે. ૧૮ થી ૨૧ રાઉન્ડમાં ગણતરી કરાશે. પોલીટેકનીક કોલેજ આગળ થઈને પસાર થતા વાહનોને તા. ૨૦ ડીસેમ્બરના રોજ સવારે ૬.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી અન્ય માર્ગો તરફ ડાયવર્ટ કરાયા છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અન્વયે બનાસકાંઠા જીલ્લાની ૯ બેઠકો માટે તા.૨૦/૧૨/૨૦૧૨ના રોજ સરકારી પોલીટેકનીક કોલેજ, પાલનપુર ખાતે મત ગણતરી હાથ ધરાનાર છે. જેથી મત ગણતરી દરમ્યાન પોલીટેકનીક કોલેજ તરફ જતા -આવતા વાહનોને અન્ય માર્ગો ઉપર ડાયવર્ઝન આપી વાહનોની અવર-જવર અન્ય રસ્તેથી કરવાનું જરૂરી હોવાથી શ્રી સુધીર બી પટેલ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બનાસકાંઠા પાલનપુરને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ -૩૩ (૧)ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ વાહનો પસાર થવા હુકમ કર્યો છે.

(૧) પાલનપુર શહેરમાંથી માલણ દરવાજા થઈ ધનિયાણા ચાર રસ્તા તથા રામપુરા ચાર રસ્તા તરફ જતા વાહનોએ આર ટી ઓ સર્કલ થઈ રામપુરા-ધનિયાણા ચાર રસ્તા તરફ જવાનું રહેશે.

(૨) પાલનપુર શહેરમાંથી મીરાગેટ - ધનિયાણા ચારરસ્તા થઈ અંબાજી હાઈવે તરફ જતા વાહનોએ ગણેશપુરા થઈ અંબાજી હાઈવે અથવા બનાસડેરી-લાલાવાડા થઈ અંબાજી હાઈવે તરફ જવાનું રહેશે.

(૩) ધનિયાણા ચારરસ્તાથી પાલનપુર શહેરમાં આવતા વાહનોએ આર ટી ઓ સર્કલ થઈ અથવા ગણેશપુરા-મીરાગેટ થઈ શહેરમાં આવવાનું રહેશે.

આ હુકમ તા. ૨૦/૧૨/૨૦૧૨ના રોજ સવારે ૬.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. ઉક્ત હુકમ સરકારી સુરક્ષા વ્યવસ્થા માટેના તથા ચૂંટણી ફરજ ઉપરના વાહનોને લાગુ પડશે નહીં. સદરહું તિબંધનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

# ઊંઝા એસ.ટી. ડેપોમાંથી નવીન બસ રૂટો શરૂ કરવા માંગ

ઊંઝા, તા.૧૯

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા એસ.ટી. ડેપો દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયના મહત્વના સ્થળોને જોડતા નવિન બસ રૂટો શરુ કરવા માટે મુસાફર જનતાની માગણી ઉઠી છે.

ઊંઝા એસ.ટી. ડેપો અ વર્ગ ધરાવે છે. પરંતુ તેની વિવિધ રૂટો પર દોડતી શિડયુલ બસો પૈકી મોટાભાગની લોકલ સર્વિસો છે. જયારે જૂજ સર્વિસો એકસપ્રેસ છે. જેમાં સુરત, નખત્રાણા, જૂનાગઢ, વડોદરા, અમદાવાદ અને મોડાસાનો સમાવેશ થાય છે. વધુમાં નજીકમાં ઉનાવા પણ સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ છે. જેમાં મીરાંદાતારની દરગાહ હોઈ આ બંને યાત્રાસ્થળોએ ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર થાય છે.

આ ઉપરાંત ઊંઝા વેપારી મથક હોવાથી બહારથી ખેડૂતો અને વેપારીઓની પણ આવ-જા થતી રહે છે. ત્યારે રાજયના સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય તથા દક્ષિણ ગુજરાતના મહત્વના યાત્રા સ્થળો, શહેરો, નગરોને જોડતી એસ.ટી. બસ સર્વિસો સાવ ઓછી હોવાથી મુસાફરોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. સને ૧૯૯૦ની સાલમાં ઊંઝા એસ.ટી. ડેપો વિધિવત રીતે અમલી બન્યો હતો. આજે ૨૦ વર્ષનો સમયગાળો વિતી જવા છતાં ઊંઝા ડેપોને ખાસ કોઈ નવિન બસ રૂટોની ફાળવણી કરવામાં આવી નથી. તદ ઉપરાંત પડોશી રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજયના કોઈ પણ શહેરને જોડતી આંતરરાજય કોઈ બસ સર્વિસ શરૂ કરાયેલ નથી. ઊંઝામાં રાજસ્થાનના અસંખ્ય પરિવારો ધંધા અને મજુરી અર્થે વસવાટ કરી રહ્યા છે. જેઓને પોતાના વતનમાં જવા આવવા માટે અહીંથી કોઈ સીધી બસ સગવડ ઉપલબ્ધ નથી. તેમજ ઉ.ગુ.ના મહેસાણા, પાટણ, સા.કાં., અને બ.કાં. જિલ્લાના મહત્વના જિલ્લા તાલુકા મથકો તેમજ યાત્રાધામોને જોડતી બસ સર્વિસો નથી.

આ બાબતે એસ.ટી.ના વરિષ્ઠ સત્તાધિશોએ મુસાફર જનતાની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈને રાજયના મહત્વના યાત્રા સ્થળો, શહેરો અને નગરોને જોડતી નવિન બસ સર્વિસો વહેલી તકે શરુ કરવી જરુરી છે. આમ થાય તો સ્થાનિક અને બહારના મુસાફરોને આવ-જા કરવામાં સારી બસ સગવડ મળી રહે તેમ છે.

# ગાંભોઈ ખાતે નજીવી બાબતે તકરાર થતાં જાનથી મારી નાખવાની ધમકી

હિંમતનગર, તા.૧૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ મુકામે એક યુવકનો મોબાઈલ ખોવાયેલ હોવાથી પૂછતાછ કરતા ગામના જ ઈસમોએ લોખંડની પાઈપ-લાકડીથી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

૧૮ ડિસમ્બરના રોજ સાંજના સુમારે ગાંભોઈ ગામના ઈન્દુબેન ભોઈના દિકરાનો મોબાઈલ ખોવાયેલ. જે અંગે વહેમ રાખી અરવિંદભાઈ રાવળને પૂછતાં અરવિંદભાઈએ ઈન્દુબેનના દિકરાને ગાળો બોલી લોખંડની પાઈપ માથાના ભાગે મારી તેમજ ભરતભાઈ રાવળે અને દિનેશભાઈ ડાહ્યાભાઈ રાવળે લાકડી મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ઈન્દુબેને ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ. પાટણ સેનેટની ૧૬ બેઠકો માટે મતદાન હાથ ધરાયું

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણની સેનેટની ૧૬ બેઠકો માટે યુનિવર્સિટી સંલગ્ન ૨૭ કોલેજોમાં મતદાન હાથ ધરાયું હતું. જેમાં ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા ખાતે ણ સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં સેનેટ સભ્યો મતદાન કરવા માટે ઉમટ્યા હતા.

# પાણપુર ગામે લાઈટ બંધ કરવાની બાબતે ભાડુઆતે મકાનમાલિકને ફટકાર્યો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પાણપુર પાટીયા પાસે ભાડુઆતે ઘરના મકાન માલિકને લાઈટ બંધ કરવાની બાબતે ગડદાપાટુનો માર મારી છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા માલિકે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

૧૭ ડિસેમ્બરના રોજ સવારના સમયે પાણપુર પાટીયા ઝહીરાબાદ હિંમતનગર ખાતે અબ્દુલરજ્જાક મોહમદહુસેન આખુનજીના મકાનમાં રહેતો આરીફભાઈ હૈદરભાઈ કાદરી ઘરની લાઈટ બંધ કરવા બાબતે કહેતા તેઓએ લાઈટબીલના વધારાના રૂ. ૨૦૦ માગતા અબ્દુલરજ્જાકએ લાઈટબીલ જોવા માગતા આરીફ કાદરીએ એકદમ ઉશ્કેરાઈને ગડદાપાટુનો માર મારી સોએલ ઉર્ફે સોનું આફરીનભાઈ કાદરી, કૌશરબીબી, આરીફભાઈ હૈદરભાઈ કાદરીનાઓ ઉપરાણું લઈ કૌશરબીબીએ તેના હાથમાંના લાકડાના સ્ટમ્પ વડે અબ્દુલ રજ્જાકને માર મારી સોએલભાઈ કાદરીએ છરી લઈ આવી મારવા જતાં અબ્દુલરજ્જાકએ હાથ વચ્ચે કરતાં હાથે ઈજા પહોંચાડી તથા કુસુમબીબીને સ્ટમ્પ વડે મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે નોંધાવા પામી હતી.

# ડીસા શહેરી વિસ્તારમાં ટ્રાફીક નિયમન નિષ્ફળ

## ટ્રાફીક બિગ્રેડના નવા નિશાળીયાઓની અણઆવડતે નિત્ય ચક્કાજામ જેવી પરિસ્થિતિથી રાહદારીઓમાં રોષ

ડીસા, તા. ૧૯

ડીસામાં શહેરી વિસ્તારમાં ટ્રાફીક નિયમન વ્યવસ્થા પોલીસ તંત્રની નિષ્ક્રિયતા અને ટ્રાફીક બિગ્રડના અણ આવડત ધરાવતા ટી.આર.બી. જવાનોના હાથમાં શહેર ભરના ટ્રાફીક પોઈન્ટો છોડાતા ડીસા શહેરી વિસ્તારમાં ટ્રીફીક સમસ્યા શહેરી જનો માટે એક જટીલ સમસ્યા બનેલ છે. જ્યારે શહેરની સ્થાનીક ટ્રાફીક પોલીસ ટ્રાફીક બિગ્રડ ભરોશે શહેરને છોડી મલાઈ મેળવવા હાઈવે વિસ્તારને પોતાના મની પોઈન્ટ બનાવતા શહેર ભરમાં નિત્ય ચાજામ જેવી પરીસ્થીતી સર્જાય છે.....

બનાસકાંઠા જીલ્લાના વહેપારી મથક ડીસામાં ટ્રાફીક નિયમનની જટીલ સમસ્યાથી શહેરી જનો નિત્ય પરેશાન થઈ રહ્યા છે. શહેરમાં શાકમાર્કેટ, લાયન્સહોલ રોડ, ગાંધીચોક, રીસાલા બજાર, શાકમાર્કેટ, ગાયત્રી મંદીર તેમજ જલારામ મંદીર ચાર રસ્તાપર આડેધડ ખડકાતા ખાનગી વાહનો તેમંજ લારી-ગલ્લા અને રીક્ષા ચાલકો દ્વારા રોડ પર પાર્કીગ વિના આડેધડ વાહન પાર્કીગ કરાતા આવાર નવાર આ તમામ રસ્તાઓ પર ચાજામ જેવી પરીસ્થીતી સર્જાય છે. ડીસા શહેર પોલીસની ટ્રીફીક વ્યવસ્થા સંભાળતી ટીમ ટ્રાફીક નિયમનની જગ્યાએ ખાનગી જીપ ચાલકો પાસેથી માસીક મળતી મલાઈ લુંટવામાંજ મસ્ત બનતા શહેરમાં ટ્રાફીક નિયમન નામશેષ બનેલ છે. અગાઉ મુખ્ય મંત્રી ફરીયાદ નિવારણા કાર્યક્રમમાં એક જાગૃત નાગરીકે આધાર પુરાવા સાથે ડીસાની ટ્રીફીક નિયમનની ખાડે ગયેલી પરીસ્થીતી બાબતે ફરીયાદ રજુ કરી હતી. આ ફરીયાદમાં સ્પષ્ટ રીતે જાહરે કરાયુ હતું કે હાઈવે વિસ્તારમાં આવેલ ગાયત્રી મંદીર અને જલારામ મંદીર પાસેના સર્વીસ રોડો રાહદારીઓની જગ્યાએ ખાનગી વાહન ચાલકોના અનઅધિકૃત રીતે ઉભા કરાયેલા જીપ સ્ટેન્ડો બનેલ છે. આવા જીપ સ્ટેન્ડોની કોઈ કાયદેસરતા નથી તેમ છતા ટ્રાફીક પોલીસની રહેમ નજર તળે આ તમામ સર્વીસ રોડો ખાનગી જીપો, રીક્ષાઓ તથા લારી-ગલ્લાવાળાના આશ્રય સ્થાન બનેલ છે. જાહેર હીતની થયેલ આ ફરીયાદ બાબતે જેતે વખતના ડી.વાય.એસ.પી. કટારાએ આ સર્વીસ રોડો ખુલ્લા કરાયા હતાં. જોકે પોલીસનું આ અભિયાન માત્ર કામચલાઉ સાબીત થયું હતું. અને હાલની તાઝાસ્થીતીએ આ તમાંમ શહેરી વિસ્તારમાં નિત્ય કલાકો સુધી વાહન ચાલકો અને લારી ગલ્લાવાળાઓના બથામણીયા કબજા અને દાદાગીરીએ ચાજામની સ્થીતી સર્જાય છે. જે નિત્ય નાના-મોટા અકસ્માતો નોતરે છે. શહેરમાં વી.જે. પટેલ ફળફળાદી શાકમાર્કેટ પાસે સાંજના સમયે ચાજામની સ્થીતી રાહ દારીઓ માટે માથાના દુખાવા સમાન છે. મોટા ભાગની શાળાઓ આ રોડપર આવેલ છે. જેમા ૬૦ ફુટના રોડપર બન્ને સાઈડ ૨૦-૨૦ ફુટ જેટલો કબજો નાસ્તાની લારીઓ અને શાકભાજીની લારીઓ દ્વારા બથામણીયો કબજો લેવાયેલ છે. જેથી માત્ર ૨૦ફુટ રોડ આવન-જાવન માટે બાકી રહે છે. જેથી આ રોડ પર કલાકો સુધી ચાજામ થાય છે. જ્યારે બાજુમાંજ બપોર બાદ લાયન્સ કલબથી અંબીકાચોક રોડ પર શાકભાજીની લારીઓનો મેળો જામે છે. જેનો કોઈ કાયમી ઉકેલ ડીસા શહેર પોલીસ લાવી શકી નથી અહીં પણ ચાજામની સ્થીતી નિત્ય સર્જાય છે. આ ટ્રીફીક નિયમન કરવાની જેની જવાબદારી છે. તે ટ્રાફીક ઈન્ચાર્જ ગણી વર્ષોથી માત્ર ટ્રાફીક નિયમનનું કામ કરતા હોઈ તમામ જીપ સ્ટેન્ડોના આગેવાનો સાથે લાગણી ભર્યા સંબંધો બનતા તેવો રાજધર્મ નિભાવવા નિષ્ફળ નિવડ્યા છે. અને માત્ર પ્રતિદીન ૮૦ રૂપિયા જેટલું દૈનિક વેતન લેતા ટી.આર.બી.ના ૨૦ જેટલા જવાનો કે જેવો અણ આવડત ધરાવે છે. તેમના ભરોશે શહેરનું ટ્રાફીક નિયમન સોંપતા ડીસા શહેર ટ્રાફીક સમસ્યાથી ત્રસ્ત બનેલ છે. આ મામલે જીલ્લા પોલીસવડા અશોકકુમાર યાદવ તાત્કાલીક અસર કારક કામગીરી હાથધરી યોગ્ય કાર્યવાહી કરે તેવી શહેરીજનોની માંગ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)